हिंदनो मुसलमानी वखतनो इतिहास.

પ્રકરણ ૧ લું.

મુસલમાનની હિંદપર સ્વારીઓ.

મુસલમાની ધર્મ-ચલાવનાર મહંમદ પેગંબરનો જન્મ મક્કામાં ઈ. સ. ૫૬૯ માં થયો. એમણે ઈ. સ. ૬૦૯ માં મુસલમાની ધર્મ ચલાવ્યો. મહંમદે લોકોને સમજાવ્યું કે "પરમેશ્વર એક છે. સૂર્ય, તારા, ચંદ્ર, અગ્નિ, વગેરે પુજવામાં ફળ નથી. બધા મુસલમાનોને ભાઈ ગણવા. પરાયા ધર્મનાને મુસલમાની ધર્મમાં લાવવાથી પુણ્ય થાયછે. ધર્મને માટે મરણ પામનારાને મુક્તિ મળેછે. પરમેશ્વરનો પેગંબર હજરત મહંમદ છે." પ્રથમ એના સામા ઘણા આરબો થયા ને એમને મારવાનો યત્ન કર્યો. મહંમદ તેથી મદીને નાશી ગયા. ઈ. સ. ૬૨૨. નાસવાને અરબીમાં હીજરી કહેછે તેથી એ સાલથી મુસલમાનો હીજરી સન ગણવા લાગ્યા. મહંમદનો ઈ. સ. ૬૩૨ માં કાળ થયો. તે વખતે આખું અરબસ્તાન મુસલમાની ધર્મ માનતું હતું. એ નવા ધર્મના લોકો જુસ્સા વાળા ને ધર્મને માટે મરવાને તૈયાર થયા, તેથી એ ધર્મ જલદીથી ઘણા દેશમાં ફેલાયો. મહંમદ પછી ગાદીએ બેઠા તેમને ખલીફા કહેછે. એ ખલીફાએ ઈરાન જીતી લીઃ

યાંના પારસીઓ નાશીને હિંદમાં આવ્યા. પછી અફઘાનીસ્તાન

હિંદુસ્તાન ઉપર આવવા લાગ્યા.

ઉપર સ્વારી—ખલીફ વાલીદે મહંમદ કાસમને સિંધ

૭૧૨. એ વખતે કરાંચીને દેવળગામ કહેતા. ત્યાં

હતો, તેણે કાસમ સામે લઢાઈ કરી. રજપુતોએ

રાંને બાળી મૂકી કેસરીઆં કર્યાં ને એક એ·

રાયો ત્યાં સુધી લડ્યા. કાસમે સિંધ જીતી લીધું. પણ ખલીફ વાલીદના મુઆ પછી બીજા ખલીફની કાસમ ઉપર અપ્રીતિ થઇ, તેથી કાસમના દુશ્મનોએ એનું માથું કાપીને ખલીફ પાસે મોકલાવ્યું. આ પ્રમાણે મુસલમાનોમાં કુસંપ જોઈ રજપુતોએ સિંધ ફરીને જીતી લીધું.

પંજાબ ઉપર સ્વારી—તે પછી અઢીસેં વરસ સુધી મુસલમાનો હિંદ ઉપર આવ્યા નહી. ઇ. સ. ૯૬૨ માં અલપ્તગીન નામે એક તુર્કી સરદારે ગીજનીમાં રાજ્ય સ્થાપ્યું. તે ૯૭૭ માં મુઆથી તેનો જમાઈ સબક્તગીન થયો. એના વખતમાં પઠાણ લોક હિંદમાં લુટ ફાટ કરવા લાગ્યા. તેથી પંજાબના રાજા જયપાળે અફઘાનીસ્તાન ઉપર ચઢાઇ કરી. સબક્તગીન સામો લઢવા આવ્યો. તેમાં જયપાળ હાર્યો ને ૫૦ હાથી ને ૨ાા લાખ રૂપીઆ આપવાના કબુલ કર્યા. પણ એ ખંડણી ન આપ્યાથી તે વસુલ કરવાને સબક્તગીન આવ્યો. જયપાળે ખંડણી આપી તે લેઈને સબક્તગીન પાછો ગયો. એ સબક્તગીન ૯૯૭માં મુઆથી તેનો અનૌરસ પુત્ર મહંમદ ગાદીએ બેઠો.

મહંમદની સ્વારીઓ—સુલતાન મહંમદે હિંદ ઉપર સત્તર સ્વારીઓ કરી. સબક્તગીન મુઆ પછી જયપાળે ખંડણી આપી નહીં, તે લેવાને મહંમદે પંજાબ ઉપર સ્વારી કરી. આ વખતે દિલ્લી, કલિંજર વગેરે ઠેકાણાના રાજા જયપાળની મદદે આવ્યા હતા. પણ જયપાળ હાર્યો. ૧૦૦૧. એથી જયપાળે પોતાના દીકરા અનંગપાળને રાજ્ય આપ્યું ને પોતે બળી મુઓ. એ અનંગપાળે મુસલમાને
જ તોડવાને ઉત્તર હિંદના દિલ્લી, અજમેર, ઉજન, કલિંજ
જ વગેરે ઠેકાણાના રાજાઓને મદદે બોલાવી મહંમદ ર
આગળ લઢાઇ કરી. આ વખતે સ્ત્રીઓએ પણ પો
ડાં વેચીને હિંદુ રાજાને મદદ મોકલી હતી. પહા
...ની મદદે ડુંગરામાંથી દોડી આવ્યા હતા. જો

ણી. એવામાં અનંગપાળના હાથીને તીર વાગ્યાથી તે ઘોડા ઉપર બે-ઠો. એથી લશ્કરે એને દીઠો નહિ ને હિંદુના લશ્કરમાં ભંગાણ પડયું ને મુસલમાનો જીત્યા ૧૦૦૮. તે પછી એણે નગરકોટ ને થાનેશ્વરનાં દેવળો લૂટયાં ને ઘણું ધન લેઇ ગયો. એણે કાશ્મીર ઉપર બે વાર સ્વારી કરી પણ તે દેશ જીતાયો નહી. પછી કનોજ ઊપર સ્વારી કરી. કનોજનો રાજા તાબે થયાથી મથુરા જઇને તે ધામ લૂટયું, બાળ્યું તથા મુર્તિઓ તોડીઓ. એણે છેલ્લી સ્વારી ૧૦૨૪ માં ગુ-જરાતમાં પ્રભાસ પાટણ ઉપર કરી. અણહિલવાડ જીતીને પાટણ આ-વ્યો. ત્યાં પોતાના ધર્મનું રક્ષણ કરવાને ઘણા રાજા રાણા આવ્યા હતા. તેમણે મહંમદના હુમલા પાછા વાળ્યા. એવામાં ગુજરાતનો રા-જા ભીમદેવ લશ્કર લેઈ આવી પહોંચ્યો. ભારે લઢાઈ થઇ તેમાં ઘ-ણી મહેનતે મહંમદ જીત્યો. મહંમદ સોમનાથની મુર્તિ તોડીને તથા ઘણી લૂટ લઈને પાછો રણને રસ્તે ગયો, તેથી એના લશ્કરની ભારે હાની થઇ. એ પછી તે હિંદઉપર આવ્યો નહિં. એ ૧૦૩૦માં મ-રણ પામ્યો. એણે માત્ર પંજાબ પ્રાંતનું રાજ્ય પોતાના રાજ્ય સાથે મેળવી દીધું. એણે માત્ર લૂટ મેળવવા, હિંદુઓને વટાળવા ને મુર્ત્તિ-ઓને તોડવાને સ્વારીઓ કરી હતી. મહંમદ બહાદુર ને ઈનસાફી પ-ણ ધર્માંધ અને લોભી હતો.

શાહબુદીન ઘોરીની સ્વારીઓ.—મંહમદના મુવા પછી ગાદીએ નબળા પાદશાહ થયા. તેઓ માંહો માંહે લઢીને ...ા. ગીજનીને ઘોર પ્રાંતના રાજા વચ્ચે દુશ્મની હતી તેથી ...ાદશાહે ગીજનીનું રાજ્ય ૧૧૫૨ માં મહંમદના વંશના ...ન પાદશાહ પાસેથી જીતી લીધું. બેહેરામ નાસી ગયો ને ર-...મરી ગયો. એનો દીકરો ખુશરૂ પંજાબમાં જઇ રાજ્ય કરવા ગીજ... ...લતાન રાજ્ય કરવા લાગ્યા. એ

ઘોરી સુલતાન ગ્યાસુદીન ને શાહાબુદીન નામે ભાઇ હતો. તેણે હિંદ ઉપર નવ સ્વારીઓ કરી. પ્રથમ ગુજરાત ઉપર કરી તેમાં ગુજરાતના રાજા ભોળા ભીમે હરાવ્યો. પછી અજમેર ઉપર કરી તેમાં સોમેસ્વરે હરાવ્યો. પછી સિંધ ઉપર સ્વારી કરી ત્યાં તે જીત્યો. ગીજનીવંશનો ખુશરૂનો દીકરો ખુશરૂમલેક પંજાબમાં રાજ્ય કરતો હતો, તેની પાસેથી પંજાબ જીતી લીધું ૧૧૮૬ તે પછી તેણે ૧૧૯૧ માં દિલ્લીના રાજા પ્રથુરાજ ઉપર સ્વારી કરી. પ્રથુરાજે પાણીપતના મેદાનમાં તેને હરાવ્યો. શાહાબુદીન ઘાયલ થઇ નાસી ગયો પણ બેવરસે ફરીને આવ્યો. પ્રથુરાજે ૧૧૯૩માં બહાદુરીથી લઢાઇ કરી પણ તે હાર્યો ને માર્યો ગયો બીજે વરસે કનોજ ઉપર સ્વારી કરીને ત્યાંના રાજા જયચંદ્રને મારીને તે રાજ્ય લેઈ લીધું. દિલ્લી ને અજમેર ઉપર શાહબુદીને કુતુબુદીનને સુબો ઠરાવ્યો. તેણે ૧૧૯૫ માં ગુજરાત ઉપર સ્વારી કરી ભોળા ભીમને નસાડયો. પણ કુતુબુદીન ગયા પછી ભીમે ફરીને ગુજરાતનું રાજ્ય જીતી લીધું. શાહબુદીનના બીજા સરદાર બખ્તીયાર ખીલજીએ ૧૧૯૯ માં બહાર ને ૧૨૦૩ માં બંગાળાનાં હિંદુ રાજ્ય જીતી લીધાં. એવામાં ૧૨૦૩ માં પંજાબમાં ધક્કર લોકોએ બળવો કર્યો, તે સમાવવા શાહબુદીન પંજાબમાં આવ્યો. બળવો સમાવી પાછા જતાં ધક્કર લોકે રાત્રે તંબુમાં પેસીને ઈ. સ. ૧૨૦૬ માં એને મારી નાંખ્યો. શાહબુદીને મહંમદની પેઠે ધર્માંધપણાથી સ્વારીઓ કરી નહોતી. એણે તો હિંદુસ્તા- ત્યાં મુસલમાની રાજ્ય સ્થાપવાને સ્વારીઓ કરી હતી. તે- બ, સિંધ, દિલ્લી, અજમેર, કનોજ, બહાર ને બંગાળા એ- જ્યો જીતી લીધાં ને ત્યાં મુસલમાની રાજ્ય સ્થાપ્યું.

તે વખતે રજપુત રાજ્યોની હાલત.—મહંમદની વખતે હિંદુ રાજાઓમાં સંપ હતો. તેઓ માંહે માંહે લઢીને

પડયાં નહોતાં. સંકટ વખતે પોતાના ધર્મનું ને દેશનું રક્ષણ કરવાને એક બીજાને સહાય કરતાં હતાં. પણ શાહબુદીનના વખતમાં હિંદી રાજ્યોમાં કુસંપ હતો તેઓ માંહો માંહે લઢીને નબળાં પડયાં હતાં, ધર્મનું ને દેશનું રક્ષણ કરવાને મદદ આપવાને બદલે ઉલટાં દ્વેષથી મુસલમાનોને હિંદ જીતવાને બોલાવતાં ને તેથી પરિણામે એ બધાં રાજ્ય એક પછી એક મુસલમાનને તાબે થયાં.

રજપુતોમાં કુસંપનું કારણ.—તે વખતે દિલ્લી, અજમેર, ગુજરાત, કનોજ ને ચીતોડ એ પાંચ રાજ્ય મોટાં હતાં. દિલ્લીમાં તુંવાર જાતનો અનંગપાળ રાજા હતો તેને બે કુંવરીઓ માત્ર હતી. તેમાંની એક અજમેર ને એક કનોજ પરણાવી હતી. અજમેરવાળીનો પ્રથુરાજ ને કનોજવાળીનો જયચંદ્ર એ બે એના ભાણેજ હતા. અનંગપાળે મરતી વખતે પ્રથુરાજને રાજ્ય આપ્યાથી જયચંદ્રને માઠું લાગ્યું ને બે મસીઆઈ ભાઇ વચ્ચે લઢાઈ ચાલી. એવામાં જયચંદ્રની કુંવરી સંયોગતાનો સ્વયંવર થયો. તેમાં પ્રથુરાજે સંયોગતાનું હરણ કર્યાથી એ લઢાઈ વધી. બંને રાજ્યો લઢીને નબળાં પડી ગયાં. તે પછી પ્રથુરાજને ગુજરાતના રાજા સાથે લઢાઈ સળગી. આબુના રાજા જેતસીને એક કુંવરી હતી. તેનો વિવાહ પ્રથુરાજ વેરે કર્યો હતો. પણ ભોળા ભીમે તે કન્યા પરણવાનું માગું મોકલ્યું. જેતસીએ પોતાની દીકરીને અજમેર મોકલી દીધી. તેથી ભોળાભીમે અજમેર ઉપર સ્વારી [illegible] થુરાજના બાપ સોમેસ્વરને હરાવીને માર્યો પ્રથુરાજે બાપ-[illegible]ને ગુજરાત ઉપર ચઢાઈ કરી ને ભીમને હરાવ્યો. આ પ્ર-[illegible]જપુત રાજાઓ લઢીને નબળા થયા હતા, તેવામાં કનોજના [illegible] તેડાવ્યાથી શાહાબુદીન દિલ્લી ઉપર ચઢી આવ્યો ને દિ-[illegible] રાજ્ય પણ જીતી લીધું. પણ તેને બીજેજ વર્ષે શાહબુદીને તેને [illegible] જયચંદ્રનું રાજ્ય પણ જીતી લીધું. એ રીતે રજપુત રાજ્યો [illegible]

પ્રકરણ ૨ જું.

હિંદમાં પઠાણ રાજ્ય.

ગુલામ વંશ-શાહબુદીનના મુવા પછી તેનો સુબો કુતુબુદીન દિલ્લી ને અજમેરમાં રાજ્ય કરવા લાગ્યો. ૧૨૦૬. દિલ્લીમાં પહેલો મુસલમાની સુલતાન એ હતો. બંગાળા ને બહારમાં બખ્તીઆર ખીલજી રાજ્ય કરવા લાગ્યો. કુતુબુદીન પ્રથમ શાહબુદીનનો ગુલામ હતો, ત્યાંથી વધતાં વધતાં દિલ્હીનો પાદશાહ થયો. તેથી એના વંશને ગુલામ વંશ કહેછે. કુતુબુદીને દિલ્લી પાસે કુતુબમિનાર બંધાવવા માંડયો પણ તે પુરો થતા પહેલાં તે ૧૨૧૦ માં મરણ પામ્યો. એના પછી એનો દીકરો આરામ થયો. પણ તેને એના બનેવી અલ્તમશે મારીને ૧૨૧૧ માં પોતે રાજ્ય લીધું અલ્તમશ બહુ બહાદુર ને હોંશીઆર હતો. એણે બખ્તીઆર ખીલજી પાસેથી ૧૨૨૫ માં બંગાળા ને બહાર જીત્યાં તથા સિંધ ને પંજાબ કબજે કર્યાં. વળી ૧૨૩૧ માં માળવાનું હિંદુ રાજ્ય જીતીને તે પણ પોતાને તાબે લીધું. એણે કુતુબુદીનનો બંધાવવા માંડેલો કુતુબ મિનારો પુરો કરાવ્યો. એના વખતમાં જંઘીસખાં નામે તાર્તર રાજાએ કાબુલ જીત્યું ને સિંધુ નદી સુધી આવીને સારે નસીબે પાછો ગયો. કેમકે જંઘીસખાં બહુ જુલમી ને ઘાતકી હતો. અલ્તમશ ૧૨૩૬ માં મુવો. તેના પછી તેનો દીકરો રૂકનુદીન થયો, પણ તે નઠારો હોવાથી તેની બેન રજીઆબેગમ ગાદીએ બેઠી. ૧૨૩૬. એ બહુ ભણેલી ને હતી, પણ નીચ માણસ સાથે પ્રીતિ કર્યાથી ૧૨૩૯ માં એને તેના ભાઈ બેહરામને બેસાડ્યો. બે વરસ રાજ્ય કરી તે મુવો. રૂકનુદીનનો દીકરો અલ્લાઉદીનમસાઉદ થયો. ૧૨૪૧. તે પણ વરસ પછી મુવો તેથી અલ્તમશનો પૌત્ર નાસરૂદીન થયો. ૧૨ ૪૬ એ પાદશાહના વખતમાં મો[illegible] ને

ની વારે સ્વારીઓ કરી, પણ તેમને હરાવીને પાછા કહાડયા. નાસરૂદીન બહુ ભલો ને ધર્મ ઉપર આસ્થાવાળો હતો. એ રાજ્ય ખટપટમાં બહુ લક્ષ ન આપતાં એણે રાજ્ય કારભાર પોતાના વજીર બલબનને સોંપ્યો. એ બલબન બહુ બહાદુર હતો. નાસરૂદીન પુસ્તકો લખી પોતાનો ગુજારો કરતો ને પોતાની બેગમ પાસે રંધાવી જમતો એટલો એ સાદો હતો. એના મુવા પછી એનો વજીર બલબન ૧૨૬૫ માં ગાદીએ બેઠો. એ બલબન પણ પ્રથમ ગુલામ હતો. એણે બંગાળામાં તોગ્રલબેગે બળવો કર્યો તે બહુ ક્રૂરતાથી પણ હોંશીઆરીથી સમાવ્યો. ને ત્યાં પોતાના દીકરા બકારાખાંને સુબો ઠરાવ્યો. મેવાતના લોકે બંડ કર્યું તે સમાવી એક લાખ માણસને મારી નાંખ્યાં તથા તેમને ભરાઇ રહેવાનાં જંગલો કપાવીને તે જમીન સપાટ ખેડાણ કરવા લાયક કરી. એના વખતમાં મોગલોએ સ્વારીઓ કરી તેનો પણ એના દીકરા મહંમદે હરાવીને નાશ કર્યો, પણ તેમાં મહંમદ મરાયો. એ પાદશાહને આશ્રયે મોગલોના જુલમથી કંટાળીને મધ્ય એશિઆમાંથી પંદર રાજા ને કેટલાક કવીઓ આવી રહ્યા હતા એવો તે ઉદાર હતો. તે ૧૨૮૭ માં મરણ પામ્યો. તેથી બકારાખાંનો દીકરો કૈકુબાદ ગાદીએ બેઠો. પણ એ નઠારો હોવાથી એના વજીરને વશ થયો. એ વજીરે એના બાપ બકારાખાં સાથે અણબનાવ કરાવ્યો. બકારાખાંએ આવીને પોતાના દીકરાને સમજાવ્યો ને વજીરને મરાવી નાં ગુ ફરીને કૈકુબાદ સુધર્યો નહી. તેથી તેના નવા વજીર જલા-ાલજીએ તેને મારીને દિલ્લીનું રાજ્ય પોતે લીધું. ૧૩૯૦.

ાલજી વંશ—જલાલુદીન ખીલજી જાતનો પઠાણ હતો, તેથી શને ખીલજી વંશ કહેછે. એ પાદશાહ બહુ ભલો ને દયાળુ ચોરને પણ સજા કરતાં એ દયા ખાતો, તેથી એના રાજ્યમાં ારી વધી પડી. એનો ભત્રીજો અલ્લાઉદીન કરા (અલ્લાહાબા-

દ પાસે) ગામનો સુબો હતો. તેણે ૮૦૦૦ સ્વારો સહિત દક્ષિણમાં સ્વારી કરીને દેવગીરી જીતીને લૂટી લીધું. એ દેવગીરીને હાલ દોલતાબાદ કહેછે. અલ્લાઉદ્દીન પુષ્કળ લૂટ લેઇ પોતાના ગામમાં ગયો. એનો ઘરડો કાકો એને મળવા આવ્યો. ત્યારે મુલાકાત વખતે ખુની અલ્લાઉદ્દીને એનો જીવ લેવડાવ્યો, ને દેવગીરીની લૂટથી અમીર ઉમરાવોને રાજી કરીને તથા રાજ્યના હકદાર સઘળાને મારીને પોતે ગાદીએ બેઠો. ઈ. સ. ૧૨૯૫. એણે ગાદીએ બેઠા પછી ઉત્તર હિંદમાં ગુજરાતનું રાજ્ય જીતવાનું બાકી હતું તે ઇ. સ. ૧૨૯૭ માં ગુજરાતના રાજા કરણ ઘેલા પાસેથી જીતી લીધું. કરણ ઘેલો દેવગીરીના રાજાના તાબામાં બાગલાણમાં નાસી ગયો. તે પછી અલ્લાઉદ્દીને રણથંભોરનો જબરો ગઢ જીતી લીધો, ને ત્યાંના રાજાને તથા છૈયાં છોકરાંને ઘાતકીપણાથી મારી નાંખ્યાં. ત્યાં આગળ પાદશાહના ભત્રીજાએ એને મારીને રાજ્ય લેવાનો ઠરાવ કર્યો. અલ્લાઉદ્દીને તેને તથા તેના મદદગારને પકડીને મારી નાંખ્યા. એના વખતમાં મોગલો ઘણીવાર ચઢી આવ્યા. પુતલુઘખાં (કતલઘખાં) નામે મોગલ સરદાર છેક દિલ્લી સુધી આવ્યો, તેને અલ્લાઉદ્દીનના સરદાર જાફરખાંએ હરાવ્યો ને તેની પછવાડે પડયો. અલ્લાઉદ્દીને તેને મદદ નહિ મોકલતાં મોગલોને હાથે મરવા દીધો. એ ચઢી આવનાર મોગલોને પકડીને દિલ્લીમાં મોકલી દેવામાં આવતા ને સરદારોને મારી નાંખવામાં આવતા. એ મોગલોએ બળવો કર્યાથી પંદર હજાર મોગલોને મારી નાંખ્ય... માં અલ્લાઉદ્દીને ચિતોડ ઉપર સ્વારી કરીને એ ગઢને ઘે... ત્યાં રજપુતો પોતાની ૧૩૦૦૦ સ્ત્રીઓને બાળી મૂકી કેસ... મુસલમાનો ઉપર તૂટી પડયા ને એકે એક મરાયા. અલ્લાઉદ્દી... રાત જીત્યું ત્યારે કાફુર નામે ગુલામ પકડાયો હતો, તેના ઉપર શાહની પ્રીતિ થઈ. એ કાફુરે ૧૩૦૬ માં દેવગીરી ને વૂરંગુળ

લીધાં તથા ૧૩૧૦ માં કર્ણાટક સુધીનો મુલક જીતીને લૂટી લીધો. ૧૩૧૨ માં દક્ષિણમાં ફરીને સ્વારી કરીને ત્યાંના રાજાઓ ઉપર ખંડણી બેસાડીને રામેશ્વરમાં મસીદ બંધાવી. આગળ કરણઘેલાએ ગુજરાતમાં બંડ કર્યું. રાણા હમીરે ચિતોડ પાછું જીતી લીધું ને દેવગઢના રાજા રામદેવના જમાઈ હરપાલે દેવગઢ જીતી લીધું. અલ્લાઉદીનને ૧૩૧૫ માં કાફુરે ઝેર દેઈને મારી નાંખ્યો ને તેના બે દીકરાની આંખો ફોડી ને ત્રીજા દીકરા મુબારકને મારવાને મારા મોકલ્યા. પણ તે મારાએ એને માર્યો નહિ. એ ખબર બીજા અમીરોને થવાથી તેમણે કાફુરને મરાવ્યો ને મુબારકને ગાદીએ બેસાડયો ૧૩૧૬. પણ તે આગળ જલદીથી ખુશરૂખાંને કબજે થયો. એ ખુશરૂ પ્રથમ ઢેડ હતો. ને મુસલમાન થઈ ગયો હતો. એણે દક્ષિણમાં સ્વારીઓ કરી જીત મેળવી. તેણે મુબારકને મારી નાંખીને પોતે રાજ્ય લીધું. પણ તે ખરો મુસલમાન નહોતો. તે કુરાન ઉપર બેસતો ને મશીદોમાં મૂર્તિઓ દાખલ કરતો. તેથી પઠાણ અમીરો એના ઉપર ગુસ્સે થયા. પંજાબના સુબા ગાજીખાંએ બળવો કરી ખુશરૂ સાથે લઢાઇ કરી. ખુશરૂ નીચ જાતનો હોવાથી કોઈ હિંદુ રાજા એની મદદે આવ્યા નહી, તેથી ખુશરૂ હાર્યો ને માર્યો ગયો. ૧૩૨૦. ગાજીખાંએ બધા ઉમરાવોને ભેગા કરીને રાજ્યને લાયક હોય તેને રાજ્ય આપવાનું કહ્યું. પણ બધાએ ગાજીખાંને ગાદી આપ્યાથી તે ગ્યાસુદીન તુઘલક

દીએ બેઠો.

૧૩૨૦ વંશ.—ગ્યાસુદીને ગાદીએ બેઠા પછી બંગાળા ઉપર સ્વા-

તે વખતે ત્યાં બકારાખાં સુબેદાર હતો. બંગાળાનો બંદોબ-

થો પછી એણે બકારાખાંને બહાલ રાખ્યો. એ વખતે એના

મહંમદ જુમાખાંએ દક્ષિણમાં તૈલંગણ ઉપર સ્વારી કરી. એ

માંથી પાછા આવ્યા પછી બાપ દીકરાની મુલાકાત માટે એ

માંડવો બાંધ્યો હતો તે માંડવો પડયાથી ગ્યાસુદીન ચગદાઈને મરણ પામ્યો ને મહુંમદ પાદશાહ થયો ઈ. સ. ૧૩૨૪. એ પાદશાહ બહુ વિદ્વાન ને બહાદુર પણ નિર્દય, ગાંડો ને અવિચારી હતો. એના વખતમાં મોગલોએ પંજાબ ઉપર ઘણી સ્વારીઓ કરી, તેમને જુમાખાંએ ધન આપીને પાછા કહાડયા. વળી એણે અવિચારથી ચીન ને ઈરાન દેશ જીતવાને લશ્કર તૈયાર કર્યું. ચીન ઉપર લાખ માણસ મોકલ્યાં તે હિમાલયમાં મરણ પામ્યાં. ઈરાન ઉપર જવાને તૈયાર કરેલા લશ્કરને આપવાનો પગાર ન મળ્યાથી એ લશ્કરને રજા આપી તેથી તેઓ મુલકમાં લૂટફાટ કરવા લાગ્યા. દક્ષિણમાં દેવગીરીનું નામ દોલતાબાદ પાડયું ને ત્યાં પોતાની રાજ્યધાની કરવાનો વિચાર કરી દિલ્લીના લોકોને બેવાર ત્યાં જવાનો હુકમ કર્યો, તેમાં લોકો બહુ દુઃખી થયા ને હજારો મરણ પામ્યા. વળી એનો ખાલી ખજાનો પૂરવા માટે એણે રૂપાના નાણાને બદલે પીતળના કડકા ચલાવ્યા, પણ તે પરદેશના વેપારીઓએ ન લીધાથી ચાલ્યા નહિ ને એનોજ ખજાનો એ કડકાથી ભરાયો. એણે માણસોનો શિકાર કરવાની યુક્તિ કરી હતી તે એ કે પોતાના લશ્કર વડે એક ગોળ જગા ઘેરી લીધી. પછી તે ઘેરાવો ઓછો કરતાં કરતાં વચમાં જે માણસો આવે તેનો શિકાર કરતો. વળી એ ઘાતકી પાદશાહે કનોજના લોકોની એક વખત કતલ કરાવી નાંખી હતી.

આવા આવા અવિચારથી પ્રાંતોમાં બંડ થયાં. બંગ... ફરૂદીને બળવો કર્યો ૧૩૪૦. માળવામાં એના ભત્રીજાએ ૧... બળવો કર્યો તેને મારી નાંખ્યો. પંજાબમાં ૧૩૩૯ મો... વો કર્યો તે બંડખોરને પણ માર્યો. દક્ષિણમાં તેલંગણમાં ૧૩૪... હિંદુ રાજા સ્વતંત્ર થયો ને કુલબર્ગમાં હુસેનગંગુ (જાફરખાં) એ ...ની રાજ્ય સ્થાપ્યું. ૧૩૪૭ માં એ જાફરખાં દિલ્લીના ફોજો

બ્રાહ્મણનો ગુલામ હતો. તે બ્રાહ્મણે જાફરખાંને છોડી મૂક્યો ને તેને કહ્યું કે તું આગળ જતાં પાદશાહ થઇશ. તે પ્રમાણે જાફરખાંન પાદશાહ થયો ત્યારે તેણે તે બ્રાહ્મણને બોલાવીને જામદારખાનાનો ઉપરી ઠરાવ્યો ને તેનું નામ રાખવાને એ રાજ્યનું નામ બ્રાહ્મણી રાજ્ય પાડ્યું. એ વખતમાં ગુજરાતમાં બળવો થયો. મહંમદ ગુજરાતમાં આવ્યો ને ગોંડલ આગળ બળવાખોરને હરાવ્યા. એ બળવાખોર સિંધમાં નાઠા તેમની પાછળ મહંમદ સિંધમાં ગયો ને ઠઠ્ઠામાં ૧૩૫૧ માં મરણ પામ્યો. તેની જગાએ ફીરોઝુદીન પાદશાહ થયો. એ પાદશાહે ગુજરાત ને સિંધના બળવાખોરોનું મન મનાવ્યું. ને શાંતિમાં રાજ્ય કર્યું. એણે રસ્તા, કુવા, ધર્મશાળા, ને નાવાની જગા બંધાવી. રસ્તા ઉપર ઝાડો રોપાવ્યાં ને પાઠશાળા સ્થાપી. ખેતીના કામમાં આવે એવી જમનાં નદીના મૂળથી નહેર ખોદાવી સતલજમાં વાળી. એ નેહેર તૂટી ગઈ હતી તે હાલમાં અંગ્રેજ સરકારે સમી કરાવી. એ ૧૩૮૮ માં મરણ પામ્યો. તે પછી ગ્યાસુદીન બીજો થયો ને ૧૩૮૯ માં અબુબકર થયો. તેને મારીને તેજ સાલમાં નાસરૂદીન થયો. તેણે ત્રણ વરસ રાજ્ય કર્યું ને ૧૩૯૨ માં સિકંદર થયો ને તેજ સાલમાં મહંમદ થયો. એ પાદશાહ નબળો હોવાથી એના વખતમાં જુવાનપુરમાં ૧૩૯૪ માં, ગુજરાતમાં ૧૩૯૬ માં ને માળવામાં ૧૪૦૧ ત્ર રાજ્ય થયાં. ઈ. સ. ૧૩૯૮ માં તૈમુરલેન કરીને મોગલ પાદશાહે હિંદ ઊપર સ્વારી કરી. મહંમદ ગુજરાતમાં નાસી ગયો. ત્યારે દીલ્હી લૂટીને બાળ્યું ને પછી જતો રહ્યો. એટલે મહંમદે આવી રાજ્યની લગામ હાથમાં લીધી. એ પાદશાહ ૧૪૧૨માં મરણ પામ્યાથી પંદરમહીના દોલતખાં લોદીએ રાજ્ય કર્યું. પણ તેની પાસેથી ૧૪૧૪ માં પંજાબના સુબા સૈયદ ખીજરખાંએ રાજ્ય લીધું ને પોતે પાદશાહ થયો.

સૈયદવંશ–**ખીજરખાંએ** સાત વરસ રાજ્ય કર્યું. તેના પછી તેનો દીકરો **મુબારક** થયો ૧૪૨૧. તેને તેના વજીરે મારીને મુબારકના ભત્રીજા મહંમદને ગાદીએ બેસાડયો. ૧૪૩૩. એનું રાજ્ય જવાની અણીપર હતું. તેવામાં પંજાબના સુબા બહિલોલે તેને મદદ કરી. મહંમદ ૧૪૪૩ માં મુવો ને **આલમ** થયો. તે એટલો નબળો હતો કે એણે રાજી ખુશીથી પંજાબના સુબા બહિલોલને બોલાવી રાજ્ય સોંપ્યું. ૧૪૫૦.

લોદીવંશ.–એ બહિલોલ લોદીએ છવીશ વરસ સુધી લઢી ને જુવાનપુરનું રાજ્ય જીતી લીધું. સૈયદવંશી પાદશાહોના વખતમાં દિલ્લીનું રાજ્ય બહુજ નબળું થઇ ગયું હતું તે બહિલોલે ધીમે ધીમે ફરીને મજબુત કર્યું. એના પછી ૧૪૮૮ માં એનો દીકરો સિકંદર થયો. એ બહુ ધર્માંધ હતો. એના વખતમાં પોર્તુગાલ દેશના લોક દક્ષિણ હિંદમાં વેપાર કરવાને ૧૪૯૮ માં આવ્યા. સિકંદરે બહિલોલની પેઠે પોતાનું રાજ્ય સાચવ્યું ને થોડું વધાર્યું. એના પછી એનો દીકરો ઇબ્રાહિમ ૧૫૧૬ માં થયો. એણે દશ વરસ રાજ્ય કર્યું. એના વખતમાં કાબુલના મોગલ પાદશાહ બાબરે ૧૫૨૬ માં હિંદ ઉપર સ્વારી કરી ને પાણીપતના રણમાં ઈબ્રાહિમને હરાવીને માર્યો ને પોતે દિલ્લીની ગાદીએ બેઠો. એ બાબર મોગલ હતો. અને તે તૈમુ[illegible] ઠી પેઢીએ થયો હતો. તેથી બાબરના વંશને મોગલવંશ કહે[illegible]

બાબર સુધીમાં હિંદમાં ગુલામ, ખીલજી, તુઘલક, સૈયદ[illegible] દી એ પાંચ વંશના રાજા થયા તે જાતે પઠાણ હતા, માટે તે [illegible] રાજ્ય કહેવાય છે. બાબર એ મોગલ હતો. મોગલો તાતારના ર[illegible] વાશી હતા ને પહેલાં બૌદ્ધ ધર્મ પાળતા, પણ પાછળથી મુસલમા[illegible]

[illegible]ના[illegible]માં મોગલો મુસલમાન થયા [illegible]

પ્રકરણ ૩ જું.

મોગલવંશ.

બાબર.—બાબરના બાપનું રાજ્ય ફરગાન (ખોકાન)પ્રાંતમાં હતું. ત્યાં એ બાર વરસની ઉમરે ૧૪૯૪ માં ગાદીએ બેઠો. અને કેટલીક લડાઈઓ કર્યા પછી ૧૪૯૭ માં તેમુરની રાજ્યધાની સમર્કંદ જીતી લીધું. પણ ત્યાંના ઉસ્બેક લોકે બળવો કર્યો, તેમાં કેટલીક વાર હારજીત થયા પછી છેવટે એણે ૧૫૦૪ માં કાબુલ જીતી ત્યાં ગાદી કરી. બાવીશ વરસ સુધી કાબુલમાં બંદોબસ્ત કર્યા પછી ૧૫૨૬ માં તેણે હિંદ જીતીને દીલ્લીમાં ગાદી કરી. દિલ્લી જીત્યા પછી તેને રજપુતો સાથે લઢવું પડયું. તે વખતે ચિતોડનો રાણો સંગ રજપુતોમાં મોટો રાજા હતો તેણે રજપુતોનું સૈન્ય જમાવીને ફતેહપુર સીક્રી આગળ ૧૫૨૭ માં બાબર સાથે યુદ્ધ કર્યું. તેમાં મહા મહેનતે બાબર જીત પામ્યો. એ સંકટ સમયે બાબરે દારૂ નહિ પીવાની બાધા રાખી હતી. તે પછી બાબરે ચંદેરીને ઘેરો ઘાલ્યો. ત્યાંનો રાજા મેદનીરાય બહુ બહાદુરીથી લઢયો ને મરાયો. બાબર ૧૫૩૦ માં મરણ પામ્યો. તેથી એનો મોટો કુંવર હુમાયુ દિલ્લીની ગાદીએ બેઠો.

હુમાયુ.—બાબરને ચાર દીકરા હતા. હુમાયું, કામરાન, હિંદાલ ને ...કરી. એ ચારે જણાએ બાબરનું મોટું રાજ્ય વહેંચી લી... હુમાયુંને ભાગ દિલ્લી ને આગરા આવ્યાં. એણે ગુજરાત... ...ાહ બહાદુરશાહને મંડેશ્વર આગળ ૧૫૩૪ માં હરાવ્યો ...નેર જીતી લીધું. એવામાં ચુનારગઢનો સુબેદાર શીરખાં પ... બંગાળા ને બહાર પ્રાંતો જીતી લીધા ને બંડ કર્યું. હુમાયું ગુજ... ...થી તેને સજા કરવાને નીકળ્યો. બકસર ને કનોજ એ બે ઠેકા... ...ીરખાંએ હુમાયુંને હરાવ્યાથી ૧૫૪૦ માં હુમાયું સિંધ બણી

નાશી ગયો ત્યાં અમરકોટમાં એની રાણી હમીદાએ ૧૫૪૨ માં અકબરને જન્મ આપ્યો. એ રાણી ને અકબર હુમાયુંના ભાઇ મીરજાઅસ્કરીના તાબામાં આવ્યાં. મીરજાઅસ્કરી કંદહારમાં રાજ્ય કરતો હતો. હુમાયું નાશીને ઇરાનના પાદશાહ તમસ્પને આશ્રયે ગયો.

પઠાણુ રાજ્ય.

શીરશાહ—એણે દિલ્લીનું રાજ્ય જીત્યા પછી માળવા પ્રાંત પોતાના રાજ્યમાં મેળવ્યો. તે પછી જોધપુરના રાજા માલદેવ ઉપર હુમલો કર્યો, પણ તેમાં કાંઈ વળ્યું નહી. ત્યાંથી તેણે કલિંજરને ઘેરો ઘાલ્યો. ત્યાં દારૂખાનું સળગ્યાથી તે મરણ પામ્યો. ઈ. સ. ૧૫૪૫. તેથી તેનો દીકરો **સલીમ** પાદશાહ થયો, તે નવ વરસ રાજ્ય કરીને મરણ પામ્યાથી તેનો ભાઈ આદાલ પાદશાહ થયો. એવામાં ૧૫૫૬ માં હુમાયું ઇરાનના પાદશાહની મદદ લેઈને તથા પોતાના ભાઇ કામરાનને વશ કરીને તેના દીકરા અકબર સાથે હિંદ જીતવાને આવ્યો. પાણીપતના મેદાનમાં આદિલીનો વજીર હેમુ લસ્કર લેઇને લઢવા આવ્યો. તેમાં હેમુ હાર્યો ને માર્યો ગયો. તેથી હિંદનુ રાજ્ય ફરીને હુમાયુને હાથ આવ્યું. પણ તેજ સાલમાં તે નીસરણીએથી ઉતરતાં પડી ગયો ને મરણ પામ્યો. તેથી એનો કુંવર અકબર ગાદીએ બેઠો ૧૫૫૬.

મોગલ રાજ્ય.

અકબર—અકબર નાનો હોવાથી એના બાપનો વજીરામ કારભાર કરવા લાગ્યો. તે બહુ બહાદુર ને નીમકહલાલ દાઉ સ્વભાવનો હતો. અકબરને તે પસંદ નહી પડ્યાથી બેહેરો થે અણબનાવ થયો, તેથી અકબરે રાજ્યનો સ્વતંત્ર કારભાર પોની પાસે રાખ્યો. બેહેરામે તેથી પંજાબમાં જઈ બળવો કર્યો ૧૫૬ અકબરે તેને હરાવીને તાબે કર્યો; પણ તેના ઉપર દયા કરીને

મક્કે જાત્રા કરવાને જવા દીધો. ત્યાં જતાં રસ્તામાં ગુજરાતમાં તેને તેના કોઈ દુશ્મને મારી નાંખ્યો. તે પછી એના ખાનજમાન અને બીજા કેટલાક સરદારોએ બળવો કર્યો, તે અકબરે સમાવ્યો. તે પછી અકબરે રજપુત રાજાઓનો બંદોબસ્ત કરવા તરફ લક્ષ લગાડ્યું. હુમાયુંને અને બાબરને અફઘાનીસ્તાનમાંથી ને મધ્ય એશિઆમાંથી લશ્કરની મદદ મળતી હતી, પણ તે પ્રાંતો અકબરના તાબામાં ન હોવાથી અકબરે હિંદુસ્તાનમાંથીજ પોતાને મદદ મળે એવી યુક્તી કરી. એટલે એણે રજપુત રાજાઓને વશ કરીને તથા તેમની કન્યા પરણીને સગાઈ કરી, તેથી એ રાજાઓએ અકબરને મદદ કરી. વળી હિંદુઓ પાસેથી આગલા રાજાના વારામાં માથા વેરો લેવામાં આવતો હતો, તે અકબરે માફ કર્યો તથા હિંદુઓને સરકારી નોકરીમાં મોટા દરજાની જગાઓ આપી, તેથી તેની હિંદુ પ્રજા એના ઉપર ખુશી થઇ. એણે જેપુરના રાજા બહારમલની કુંવરી વેરે લગ્ન કર્યું તથા બહારમલના કુંવર ભગવાનદાસની કુંવરી વેરે અકબરના મોટા દીકરા સલીમનું લગ્ન કર્યું. એ ભગવાનદાસનો કુંવર માનસિંગ આગલ જતાં અકબરનો મોટો સેનાપતિ થયો ને તેણે અકબરને ઘણી મદદ કરી. જોધપુરના રાજા સાથે પણ અકબરે એજ રીતે દોસ્તી કરીને તેને પોતાના પક્ષમાં લીધો. ચિતોડનો રાણો ''નને કન્યા આપવાને ના પાડવા લાગ્યો. તેથી અકબરે ચિ-ર સ્વારી કરી. રાણા સંગનો કુંવર ઉદેશિંગ નાશી ગયો, તેથી ...ઢનું રક્ષણ જેમલ કરીને તેનો સરદાર કરતો હતો. તેણે બ-હાદુરી બતાવી, પણ અકબરે તેને માર્યો. તેથી રજપુતો પોતા-... સ્ત્રીઓને બાળી મૂકી મુસલમાનો ઉપર તૂટી પડયા. તેમાં ૮૦૦૦ ...જપુતો મરાયા ને ચિતોડ અકબરને તાબે આવ્યું ૧૫૬૮. પણ રા-... તાબે થયો નહિ. ઉદેસિંગનો કુંવર પ્રતાપસિંગ ડુંગરામાં ભરા-

ઓ ને ધીરે ધીરે પોતાનો મુલક જીતી લેઈ ઉદેપુર વસાવી ને ત્યાં રાજ્યધાની કરી. ઉદેપુરમાં પ્રતાપસિંગના વંશજો હજુ રાજ્ય કરેછે.

રજપુતોનો બંદોબસ્ત કર્યા પછી અકબરે ઉત્તર હિંદમાં મુસલમાની સ્વતંત્ર રાજ્યો જીતવા ઊપર લક્ષ દોડાવ્યું. તે વખતે સિંધ, ગુજરાત, કાશ્મીર, ને બંગાળા, એટલાં સ્વતંત્ર રાજ્યો હતાં. તેમાં ૧૫૭૩ માં ગુજરાત જીતી લીધી ને ૧૫૯૩ માં ગુજરાતનો પાદશાહ મુજફ્ફર ત્રીજો મરાયો, એટલે ત્યાં શાંતિ થઇ. શીરશાહના કુળના પઠાણ રાજા બંગાળામાં રાજ્ય કરતા હતા, તેમની પાસેથી ૧૫૭૬ માં તે પ્રાંત જીતી લીધો. ૧૫૭૬ માં કાશ્મીર પણ જીત્યું ને ૧૫૯૨ સુધીમાં ત્યાં સમાધાની કરી. સિંધ પ્રાંત ૧૫૯૨ માં જીતી લીધો ને ૧૫૯૪ માં કંદહાર લીધું. અકબરે પોતાની રાજ્યધાની આગ્રામાં કરી ને એ શેહેરને કિલ્લો બંધાવ્યો. ઉત્તર હિંદમાં જીત મેળવ્યા પછી તેણે દક્ષિણ દેશનાં મુસલમાની રાજ્યો જીતવાને તૈયારી કરી. તે વખતે મહંમદ તઘલકના વખતમાં જે બ્રાહ્મણી રાજ્ય સ્થપાયું હતું તેના પાંચ ભાગ પડી પાંચ જુદાં રાજ્ય થયાં હતાં. અહંમદનગર, વિજાપુર, ગોવળકોંડા, બેદર ને વરાડ. વરાડનું રાજ્ય અહંમદનગરના રાજાએ જીતી લીધું હતું. બાકીનાં ચાર રાજ્યો તે વખતે હતાં. એ વગર તુંગભદ્રા નદીને કાંઠે વિજયનગરનું હિંદુ રાજ્ય હતું. તે દ્રાની દક્ષિણના બધા મુલકનું ઉપરીરાજ્યહતું. તેરાજ્યવિજાપુર વળકોંડાના રાજાઓએ ૧૫૬૫ માં જીતી લીધું હતું. વિંધ્યાના ણમાં પહેલું અહંમદનગરનું રાજ્ય આવ્યાથી એ રાજ્ય જીતવા તાનો દીકરો મુરાદ જે ગુજરાતનો સુબો હતો તેને મોકલ્યો, પણ ને અહંમદનગરની સુલતાના ચાંદબીબીએ હરાવ્યો. એ ચાંદબી બહુ બહાદુર હતી. ૧૫૯૯ માં અકબર પંડે લશ્કર લેઈને આવે

તે વખતે ચાંદબીબીના લશ્કરમાં બંડ ઉઠયું, ને તે બંડખોરોએ તેને મારી નાંખી. તો પણ અકબરથી એ રાજ્ય જીતાયું નહિ. અહંમદનગરના રાજાએ અકબરને વરાડ પ્રાંત આપ્યો તે લેઇને પાછો ગયો. એ સિવાય એના સરદારે ખાનદેશ જીત્યો હતો. તેથી ખાનદેશ ને વરાડ એ બે પ્રાંત એના તાબામાં આવ્યા હતા. આગળ અકબરના મોટા દીકરા સલીમે બંડ કર્યું, તેથી અકબર દલગીર થયો. એ સલીમે અબુલ્ફજલને મરાવી નાંખ્યો. એ અબુલફજલ અકબરનો દોસ્ત હતો. તેથી તેને બહુ માઠું લાગ્યું. અકબરના ત્રણ દીકરામાંથી દાનીઆલ ને મુરાદ મરણ પામ્યા હતા, ને માત્ર એજ જીવતો હતો. તે નઠારો નીકળ્યાથી તેના મોટા દીકરા ખુશરૂને અકબરની પછી ગાદીએ બેસાડવાની સંતલસ થવા માંડી. તેમાં ખુશરૂનો મામો જેપુરનો રાજા માનસિંગ મૂખ્ય હતો. આગળ અકબરની તબીયત બગડી, તેથી તેણે સલીમને બોલાવીને બધા સરદારોને ભેગા કરી સલીમને મદદ કરવાની ભલામણ કરી ને પોતાને હાથે તરવાર બંધાવી ગાદીએ બેસાડયો. તેથી ખુશરૂના પક્ષનાનું કાંઇ ચાલ્યું નહી. અકબર ૧૬૦૫ માં મરણ પામ્યો.

અકબરની રાજ્ય નીતિ—એણે હિંદુ મુસલમાનને સરખા ગણ્યા. ને દરેક લાયક માણસને મોટા હોદાની જગાઓ આપી. વળી
એણે ' ધર્મનું શોધન કરાવ્યું. રામાયણ ને મહાભારતનો ફારશી-
. કરાવ્યો. અને બધા ધર્મનો સાર કહાડી એક નવો ધ-
.. પણ એ ધર્મ એના મુવા પછી બંધ પડયો. એણે પો-
ત્યના પંદર ભાગ પાડી પંદર સુબા ઠરાવ્યા હતા, અને એ
જ્યમાં બંદોબસ્ત રાખે તેવી દેખ રેખ રાખતો. વળી ખેડુતો
. વધારે દાણ લેવાય નહી માટે જમીનની માપણી કરાવી ઉત્ત-
યમ ને કનિષ્ટ એવા ત્રણ વર્ગ પાડી દરેક વર્ગનું વીઘે શું લેવું

તે નક્કી કર્યું. અને એ આંકડાનું રોકડ આપે કે દાણા તેની છુટ રાખી હતી. દશ દશ વરસે જમીનના કસ પ્રમાણે એ આંકડો નવો ઠરાવવાનું રાખ્યું હતું. આ બધું અકબરના દીવાન રાજા ટોડરમલે કર્યું હતું. વળી અકબરે સતિ થવાની તથા બાળલગ્ન કરવાની બંધી કરી હતી તથા વિધવાને પુનર વિવાહ કરવાની છુટી મૂકી હતી.

અકબરના વખતના મહા પુરૂષો. અકબરના સરદારોમાં રાજા માનસિંગ, બીરબલ ને ટોડરમલ મૂખ્ય છે. ટોડરમલ ને અબુલફજલ એના દીવાન હતા. એ અબુલફજલે અકબરના રાજ્યના ઇતિહાસનું આઈન અકબરી નામે પુસ્તક લખ્યું છે. અબુલફજલનો ભાઇ ફૈજી ઘણો વિદ્વાન હતો. રામાયણ, ને મહાભારત ને બીજાં પરભાષાનાં પુસ્તકોનો ફારસીમાં તરજુમો કરનાર મૂખ્યત્વે ફૈજી હતો. અકબરનો કવિ ગંગ ને ગવૈયો તાનસેન બહુ પ્રખ્યાત છે.

અકબરના ગુણ–તે દેખાવમાં રૂપાળો ને મજબુત હતો. વળી તે દયાળુ, શુરો, ઉદ્યોગી ને મળતાવડો હતો. તે નિષ્પક્ષપાતી ને નિયમસર ચાલનારો હતો. ગરીબ સાથે પણ વાત કરે એવો સાદો હોવાથી એની પ્રજાની એના ઉપર પ્રીતિ હતી ને એના દુસ્મનો એનાથી બીહીતા હતા.

જહાંગીર.–અકબરનો દીકરો સલીમ, જહાંગીર એ[illegible] નીઆ જીતનારો એ નામથી ગાદીએ બેઠો. એ ગાદીએ બેઠો [illegible] ટા દીકરા ખુશરૂએ બળવો કર્યો, તેમાં ખુશરૂ હાર્યો ને કે[illegible] ને બંધીખાનામાંજ મરી ગયો. ૧૬૧૧

જહાંગીર ગાદીએ બેઠા પછી નૂરજહાંને પરણ્યો. એ જ[illegible] કોઇ ઇરાની ઉમરાવની દીકરી હતી. પણ ગરીબ અવસ્થા થઈ તેનો બાપ નૂરજહાંને અને એના ભાઈને લેઈને હિંદમાં આવ્યે

વખતે અકબર પાદશાહ હતો. નૂરજહાં રૂપાળી હતી તેથી જહાંગીરની મરજી તેની સાથે પરણવાની થઇ. પણ અકબરને તે નગમ્યાથી કોઇ શેરઅફગાન નામે સરદાર સાથે તેને પરણાવી. શેરઅફગાનને બંગાળામાં નોકરી આપીને નૂરજહાંને ત્યાં મોકલી દીધી. પણ અકબર મૂઆ પછી જહાંગીરે શેરઅફગાનને મરાવી નાંખ્યો ને પોતે નૂરજહાંને પરણ્યો. એ બાઇ બહુ હોંશીઆર હતી. તેણે જહાંગીરની પ્રીતિ મેળવી. નૂરજહાંને શેરઅફગાનથી એક દીકરી થઈ હતી તેને જહાંગીરના દીકરા શહરીઆર વેરે પરણાવી. નૂરજહાંના ભાઇ આસોફખાંની દીકરી જહાંગીરના બીજા દીકરા ખુરમ વેરે પરણાવી હતી. જહાંગીર ગાદીએ બેઠા પછી થોડા વરસમાં તેણે ઉદેપુરના રાણા અમરસિંગને તાબે કરવાને ખુરમને લશ્કર આપી મોકલ્યો ને ૧૬૧૪માં રાણો તેને તાબે થયો. એ જીતથી ખુશી થઇ જહાંગીરે તેને શાહનો ઈલકાબ આપ્યો. તેથી ખુરમનું નામ શાહજહાન પડ્યું. જહાંગીરે શહાજહાનને દક્ષિણ જીતવાને મોકલ્યો. તેણે અહમદનગરના વજીર મલીકંબરને હરાવ્યો ને તાબે કર્યો. આ કારણોથી જહાંગીરની પ્રીતિ શાહજહાંન ઉપર વધી. તેથી નૂરજહાં અદેખાઈ કરવા લાગી. તેની મરજી જહાંગીર પછી પોતાના જમાઇ શહરીઆરને ગાદી અપાવવાની હતી, તેથી તે શાહજહાંનનું સારૂં દેખી શકતી નહોતી. એમાં જહાંગીરના તાબાનું કંદહાર ઈરાની લોકોએ જીતી લીધું લેવાસારૂ શાહજહાંને મોકલવાનો નૂરજહાંએ જહાંગીર [illegible] લખાવ્યો. પણ તેની મતલબ શાહજહાં સમજ્યાથી ત્યાં [illegible]ડી. પાદશાહનો હુકમ અમાન્ય કર્યાથી તેને સજા કરવાસારૂ [illegible]હાંએ જહાંગીરના મોટા સરદાર મોહબતખાંને તથા શાહજાદા [illegible]જને મોકલ્યા. તેમણે શાહજહાંને હરાવ્યાથી શાહજહાં બંગાળે

નાસી ગયો. મોહબ્બતખાં બંગાળે ગયો, ત્યારે શાહજહાં દક્ષિણમાં મલિકંબર પાસે આવ્યો. એવામાં મોહબતખાંનું બળ વધેલું જોઇ નૂરજહાંએ તેના ઉપર આળ ચઢાવી તેનો જવાબ દેવાને હજુરમાં બોલાવ્યો. મોહબતખાં પોતાનું સૈન્ય લેઈ પાદશાહ પાસે પંજાબમાં ગયો ને પાદશાહને તથા નૂરજહાંને કેદ કર્યાં. પણ આગળ નૂરજહાંએ યુક્તિથી પાદશાહને છોડાવ્યાથી મોહબતખાં નાસીને દક્ષિણમાં શાહજહાંને મળી ગયો. તે પછી થોડી મુદતમાં પાદશાહને દમનો રોગ થવાથી કાશ્મીરમાં ૧૬૨૭ માં મરણ પામ્યો.

જહાંગીરના વખતમાં ઇંગ્લાંડના જેમ્સ રાજાનો વકીલ સર ટામસ રો નામે સાહેબ આવ્યો હતો. તેણે જહાંગીરના દરબારની હકીકત લખી છે. તથા જહાંગીરે પોતે પોતાનું રોજનામું લખ્યું છે, તે ઉપરથી માલમ પડે છે કે એ પાદશાહ દારૂડીઓ હતો, તાં પણ એણે લોકોને દારૂ પીવાની મના કરી હતી. વળી લોકો જાતે મળીને પોતાને ફરીઆદ કરે માટે એણે પોતાના મહેલમાં ઘંટ બાંધી તેની સાંકળ બહાર લટકાવી હતી. તેને દારૂ ચઢેલો નહોય ત્યારે તે ઈનસાફી હતો, રૈયતની સંભાળ રાખતો તથા રાજ્ય ઉપર ધ્યાન આપતો. એના રાજ્યની કુલ પેદાશ ૫૦ કરોડ રૂપીયા હતી.

શાહજહાંન.–જહાંગીર મૂઓ ત્યારે શાહજહાં દક્ષિણમાં હતો. ત્યાંથી મોહબતખાંને લેઇ તે ઉત્તરમાં ગયો ને મોહબતખાં સોફખાંની મદદથી ગાદીએ બેઠો, ને શહરીઆરને મારીને કેદ કરી. ગાદીએ બેઠા પછી ખાનજહાં લોદીએબલવો કર્યો પણ માં માર્યો ગયો. એટલે શાહજહાંના સમયમાં ઉત્તર હિંદમાં શાંતી. એ શાંતિનો ભંગ એના દીકરાઓ લઢી મુઆ ત્યાં સુધી થયોજ ન

એના વખતમાં અફઘાનીસ્તાનમાં લઢાઇ જાગી. વાયવ્ય

શાહજહાંને તાબે હતો. ત્યાં ઉસ્બેક લોકોએ ૧૬૪૭.માં બળવો કર્યો. પ-
રંતુ તે બળવો સમ્યો નહિ. આગળ ઈરાની પાદશાહે કંદહાર જીતી
લીધું. તે પાછું લેવા સારૂ શાહજાદા ઔરંગજેબ તથા દારા એમણે
બે વાર ઘણો પ્રયત્ન કર્યો, પણ તે શહેર હાથ આવ્યું નહી. તેથી
કાબુલ પ્રાંત માત્ર દિલ્લીની ગાદી નીચે રહ્યો. ૧૬૫૩.

શાહજહાંએ શાંતિના વખતમાં મુલકનો સારો બંદોબસ્ત રા-
ખ્યો. તથા કરકસરથી ખર્ચ ચલાવી પૈસાનો સંગ્રહ કર્યો અને એ પૈ-
સાવડે એણે સારાં સારાં મકાનો બંધાવ્યાં. દિલ્લી શહેરમાં રાજ્યધાની
કરવાના ઈરાદાથી ત્યાં મોટી જુમા મસીદ તથા મહેલ બંધાવ્યાં તથા
બીજાં સારાં સારાં મકાનોથી શહેરની શોભા વધારી. વળી આગ્રા-
માં તાજમહેલ બંધાવ્યો. એ તાજમહેલ જેવી આખી દુનીઆમાં
બીજી ઈમારત નથી એવી તે સુંદર છે. તેમજ એણે પોતાને બેસ-
વાને મોરના આકારનું મયુરાસન કરાવ્યું, તેની પુછડીમાં હીરા, માણે-
ક, મોતી, પાનાં વગેરે જડાવ્યાથી તે બહુ શોભાયમાન દેખાતું હતું.

ઉત્તર હિંદમાં સમાધાની હોવાથી એણે દક્ષિણ જીતવાનો વિ-
ચાર કર્યો ને ત્યાં સ્વારી કરીને ગોવળકોંડા ને વિજાપુરના રાજ્ય ઉ-
પર ખંડણી બેસાડી, અહંમદનગરનું રાજ્ય ૧૬૩૭ માં જીતી લીધું. તે
પછી કેટલીક મુદત સમાધાની ચાલ્યા પછી અફઘાનીસ્તાનના બળ-
કાયાથી દક્ષિણ જીતવાનું કામ બંધ પડયું. પણ ત્યાંથી પ-
ો શાહજાદા ઔરંગજેબને દક્ષિણનો સુબો ઠરાવીને મોકલ્યો,
રનું રાજ્ય ૧૬૫૭માં જીતી લીધું. એવામાં શાહજહાં પાદશા-
ા પડયો. તે વખતે શાહજાદો મુરાદ ગુજરાતનો, ઔરંગજેબ
ણનો ને સુજા બંગાળાનો સુબો હતો, ને સૌથી વડો શાહજાદો
પાદશાહની પાસે હતો. તે સઘળા પોત પોતાને પાદશાહ કહેવ-

ડાવવા લાગ્યા. ઔરંગજેબે કપટથી મુરાદને કહાવ્યું કે મારેતો મક્કે જવું છે, માટે તું આવેતો તને ગાદી અપાવીને મક્કે જાઉં. ઔરંગજેબ ધર્માંધ હોવાથી તથા ઔરંગજેબની મુરાદ ઉપર પ્રિતી હોવાથી મુરાદે તે વાત સાચી માની. કેમકે દારા હિંદુ મુસલમાનને સરખા ગણતો હતો. માટે ઔરંગજેબ તેને કાફર કહેતો ને ધિક્કારતો. આ કારણોથી મુરાદ ને ઔરંગજેબ સૈન્ય જમાવી ઉત્તર હિંદમાં આવવા નીકળ્યા. દારા સૌથી મોટો હોવાથી શાહજહાં પછી ગાદી ઉપર તેનો હક હતો. વળી આ વખતે તો શાહજહાં માત્ર માંદો પડયો હતો ને તે પણ સાજો થયો હતો. છતાં તેના શાહજાદાઓ સ્વતંત્ર થયાથી દારાએ જેપુરના રાજા જયસિંગને સુજા સામો ને જોધપુરના રાજા જશવંતસિંગને ઔરંગજેબ ને મુરાદ સામો સૈન્ય આપી લઢવા મોકલ્યો. જયસિંગે અલાહાબાદ આગળ શુજાને હરાવ્યાથી તે પાછો બંગાળે ગયો. જશવંતસિંગ ઉજન આગળ મુરાદને ઔરંગજેબનો રસ્તો રોકી પડયો. બંને ભાઇ એકઠા થઇ ગુજરાત ને દક્ષિણનાં લશ્કર લેઇ ઉજન આગળ આવ્યા, ને જશવંતસિંગને હરાવ્યો ને આગળ ચાલ્યા. આગ્રાના મેદાનમાં દારા તેમના સામો લઢવાને આવ્યો. પણ દારાને હારીને નાશી જવું પડયું. તેથી ઔરંગજેબે આગ્રાગઢ લેઈ ને પાદશાહને તથા મુરાદને કેદ કર્યો ને ૧૬૫૮ માં ગાદીએ બેઠો.

ઔરંગજેબ.—ગાદીએ બેઠા પછી પોતાના ભાઇઓ ઢવામાં ઔરંગજેબ રોકાયો. પ્રથમ તે દારાની પાછળ પડયો જમેર આગળ હરાવ્યો. દારા ત્યાંથી સિંધમાં નાઠો ને ત્યાં ડાયાથી ઔરંગજેબે તેને મરાવી નાખ્યો. ૧૬૫૯ માં. પછી તેની પાછળ ગયો. શુજાને હરાવીને નસાડી મૂકયો. તે આરાકાન ગયો ત્યાં માર્યો ગયો ૧૬૬૦ નાસી બીજે વરસ મુરાદને પણ કેદખાના

૧૬૬૧માં મરાવી નાંખ્યો. પુત્રોના શોકમાં રીબાતો શાહજહાં પાદશાહ પણ ૧૬૬૬માં મરણ પામ્યો. ઔરંગજેબે ગાદીએ બેઠા પછી આલમગીર એવું નામ રાખ્યું હતું. તેના સરદાર મીર જુમલાએ બંગાળાના સૈન્યવડે આશામ ઉપર સ્વારી કરી. પણ તે પ્રાંતની હવા રોગી હોવાથી તથા ત્યાંના પાહાડી લોકોએ હેરાન કર્યાથી એને પાછા આવવું પડ્યું. ત્યાં રસ્તામાં તે ૧૬૬૨ માં મરણ પામ્યો.

ઔરંગજેબ ધર્માંધ હતો, તેથી તેણે હિંદુ મુસલમાનમાં તફાવત રાખ્યો. મુસલમાનોને મોટા મોટા હોદ્દા આપીને તેમના ઉપર તે મહેરબાની બતાવવા લાગ્યો. અને હિંદુઓને સરકારી નોકરીમાંથી કહાડી મુક્યા તથા તેમના ઉપર જજીઆવેરો નાંખ્યો. તેથી હિંદુઓ તેના ઉપર નાખુશ થયા. દક્ષિણમાં શિવાજીએ હિંદુઓમાં ધર્માભિમાન ઉત્પંન કર્યું ને તેમને મુસલમાનો સામા લઢવાને ઉશ્કેર્યા. તથા ઉત્તરમાં રજપૂત રાજાઓ પણ પાદશાહ સામા લઢવાને ઉભા થયા. રજપૂતોને સામા થવાનું એક બીજું કારણ પણ મળ્યું. જોધપૂરનો રાજા જશવંતસિંહ કાબુલમાં સુબો હતો, તે ત્યાં મરણ પામ્યાથી તેનાં છૈયાં છોકરાંને કેદ કરીને તેનો મૂલક લેઇ લેવાનો વિચાર કર્યો. તેથી રજપુતો વધારે ગુસ્સે થઈ લઢવા ઉઠ્યા. વળી ઉત્તર હિંદમાં નાનકશાહે સિકંદર લોદીના વખતમાં શીખ ધર્મ ચલા[illegible] તે પંથના તથા સતનરામી નામના બીજા પંથના લોકો [illegible]દશાહે જુલમ કરવાથી એ લોકોએ પણ પાદશાહ સામી [illegible]ધી. એ રીતે આખા હિંદમાં હિંદુ મુસલમાન વચ્ચે લઢાઈ [illegible] અને પાછલા પાદશાહોએ હિંદુઓ ઉપર રહેમ નજર રાખ્યાથી [illegible]તી મેળવી હતી, તે પ્રીતી ઔરંગજેબે ખોઈ, ને તેથીજ ઔરં[illegible]જેબ મુવા પછી મોગલ રાજ્યની જલદીથી પડતી થઇ.

મરાઠા--મરાઠાની ચઢતી કરનાર શિવાજી, એ શાહજી ભોંસલા-નો દીકરો હતો. શિવાજીનો જન્મ ૧૬૨૭ માં થયો હતો. દાદાજીકોં-ડદેવ નામે બ્રાહ્મણે એને નાનપણમાં કેળવણી આપી હતી. એના બાપ શાહજીને વિજાપુર ને અહંમદનગરના રાજાઓએ જાગીરો આપી હતી. તેમાં એક પુના પાસે ને બીજી સતારા પાસે હતી. શિવાજીએ એ જાગીરમાં રહી ધીરે ધીરે ત્યાંના પહાડી લોકાનો જમાવ કરીને તથા હિંદુઓમાં ધર્માભિમાન લાવીને આસપાસના ડુંગરી કિલ્લા જીતી લેવા લાગ્યો. એણે વિજાપુર તાબાના કિલ્લા જીત્યાથી ત્યાંના પાદશાહે અફજલખાં નામે સરદારને શિવાજીને વશ કરવા મોકલ્યો. શિવાજીએ દગાથી તેને પ્રતાપગઢ આગળ માર્યો. શિવાજીની એવી રીત હતી કે મુસલમાની લશ્કર લઢવા આવેતો તેને દગાથી હરાવવું કે ઓચીંતા છાપો મારી નાશ કરવો, ને નાશી જવું. પણ સામા ઉભા રહીને લઢવું નહિ. પણ દુશ્મનને હેરાન કરવો. એ કામમાં એના ડુંગરી કસાયલાં ટટુ ઊપર બેસનારા સવાર કેળવાયલા હતા. શિવાજી આસ-પાસના દુશ્મનના મુલકમાં લૂટ કરતો ને એ લુટનો કાંઈ ભાગ પોતા-ની પાસે રાખીને બાકીનો લશ્કરને વહેંચી આપતો. તેથી લશ્કરને પગાર આપવો પડતો નહિ, ને લુંટવાની લાલચે જ્યારે જોઇએ ત્યારે તેઓ આવીને હાજર થતા. વળી મોગલો વિજાપુરનું રાજ્ય જીતવા ત્યારે લાગ આવેતો એક વાર મોગલને તો બીજીવાર ના રાજાને મળી જતો, ને શિવાજી પોતાનું કામ કહાડી લેતો. માણે ૧૬૬૪ સુધીમાં કોકણ ને મહારાષ્ટ્રનો ઘણો ભાગ એ-બામાં આવ્યો. એકવાર મોગલ સરદાર સાહિસ્તખાંને પુનામાં છાપો મારીને ૧૬૬૨ માં નસાડયો. ૧૬૬૪ માં સુરત શહેર લૂટ્યું તેમાં ઘણી લૂટ મળ્યાથી તે પોતાને મહારાજા કહેવડાવવા લાગ્યો.

સાલમાં એનો બાપ શાહજી મરણ પામ્યો. એવામાં મોગલ સેના લેઇ જેપુરનો રાજા જેસિંગ શિવાજી સામો આવ્યો. શિવાજી તેને મળી ગયો, ને જેસિંગે ભરોંસો આપ્યાથી તે અને તેનો દીકરો શંભાજી દિલ્લી ગયા. પાદશાહે બંને જણાને કેદ કર્યા. પણ જેસિંગની મદદથી બંને જણા છુપી રીતે દક્ષિણમાં નાસી ગયા. ૧૬૬૬. વળી એણે લૂટફાટ કરવા માંડી ને ૧૬૭૪ માં ફરીને રાજ્યાભિષેક કરાવ્યો. એ શિવાજી મહારાજ ૧૬૮૦ માં મરણ પામ્યો. તેની જગાએ તેનો દીકરો શંભાજી થયો.

ઉત્તરમાં રજપુતો લઢવાને ઉઠયા. તેમાં જોધપુરના રાઠોડ લોક પોતાના સરદાર દુરગાદાસની સરદારી નીચે ઉઠયા. તેમને ઉદેપુરના રાણા રાજસિંગે મદદ કરી. તેમાં મોગલોએ હિંદુઓનાં દેવળો તોડયાં ને હિંદુ ઉપર ઘણો જુલમ કર્યો. રજપુતોએ પણ મુસલમાનો ઉપર વેર લેવામાં બાકી રાખી નહી. છેવટે દુરગાદાસે શાહજાદા અકબરને ફોડીને પોતાના પક્ષમાં લીધો ને તેને ગાદીએ બેસાડવાનું ઠરાવ્યું. પણ ઔરંગજેબની સમય સૂચકતાથી તેનો નાશ થતો બચ્યો. તેણે મોગલ સેનાને પોતાના પક્ષમાં લેઈ લીધી તેથી. અકબર એકલો પડી ગયો. દુરગાદાસ અકબરને દક્ષિણમાં મરેઠાના રક્ષણમાં મૂકી આવ્યો. પણ ત્યાં ન ફાવ્યાથી તે ઈરાન જતો રહ્યો, ને ત્યાં મરણ

થી રજપુતો નિરાશ થયા નહિ. તેમણે જુસ્સા ભેર લઢાઇ

ા, તેથી કાયર થઇને તથા ઔરંગજેબને દક્ષિણનાં મુસલ-

ો જીતવાની બહુ ઇચ્છા હોવાથી તેણે રજપુતો સાથે સ-

ા. સતનશમી લોકો ઉપર પણ બહુ સખ્તાઇ વાપરી તેમનો

સ્ત કર્યો, અને શીખ લોકોના ગુરૂ ગોવિંદસિંહે તેના લોકોને હ-

ાર બંધાવી મોગલો સામા લઢવાને ઉભા કર્યા, તે પહેલાં શીખ

લોક હથીઆર બાંધતા નહિ. ઔરંગઝેબના જુલમની સામા થવાને તેમણે હથીઆર બાંધ્યાં પણ કેટલીક વાર લઢાઇઓ થયા પછી તેઓ શાંત પડ્યા.

તેથી આલમગીરે દક્ષિણ જીતવાની તૈયારી કરી. જબરૂં સૈન્ય લેઈ તે પંડે ૧૬૮૩ માં દક્ષિણમાં આવ્યો. પ્રથમ તેનું લક્ષ વિજાપુર ને ગોવળકોંડાનાં મુસલમાની રાજ્યો જીતવા પર ગયું. ચાર વરસ સુધી લઢીને પ્રથમ વિજાપુર ને પછી ગોવળકોંડા ૧૬૮૮માં જીતી લીધાં. એ રાજ્યો જીતાયાથી તેમનું નવરૂં પડેલું લશ્કર મરેઠાને મળી ગયું. તેથી મરેઠા જોરપર આવ્યા. પણ શિવાજી જેવો તેનો દીકરો ઉત્સાહી નહોતો, તેથી એ મદદનો એ લાભ લેઈ શક્યો નહિ. એટલામાં ઔરંગઝેબે પોતાનું સઘળું બળ મરેઠાની સામું વાપર્યું. એણે ૧૬૮૯ માં શંભાજીને પકડી લીધો ને તેની આંખો ફોડી મારી નાંખ્યો. આગળ રાયગઢનો કિલ્લો જીતીને ઔરંગઝેબે શંભાજીના દીકરા શિવાજીને તથા તેના કુટુંબને પકડીને કેદ કરી આગ્રે મોકલી દીધાં. પણ મરેઠા તેથી નાઉમેદ થયા નહિ. તેમણે શંભાજીના ભાઇ રાજારામની સરદારી નીચે લઢાઈ કરી. રાજારામ પ્રથમ દક્ષિણમાં જીંજીગઢમાં ભરાયો. તે કિલ્લો લેવાને આલમગીરે જુલ્ફીકારખાંને મોકલ્યો. તેણે એ કિલ્લો લીધો, પણ રાજારામને નાસી જવા દીધો. ૧૬૯૮. રાજારામે આવીને ચોથ ઉઘરાવી. આગળ ૧૭૦૦ માં રાજ
ણ પામ્યાથી તેના દીકરા શિવાજીને નામે રાજારામની સ્ત્રી
કારભાર કરવા લાગી. તારાબાઈએ બહાદુરીથી ઔરંગઝેબ
સુધી કાયર કાયર કર્યો, પણ નમ્યું આપ્યું નહી. તેણે ઔર
ખજાનો લૂટ્યો, ને ઘણીવાર તેને ઘેરી લીધો. અંતે પાદશાહ
દનગરના કિલ્લામાં ભરાયો, ને ત્યાંજ ૮૯ વરસની ઉમરે ૧૭
માં મરણ પામ્યો.

ઔરંગઝેબના ગુણ—એ શૂરો, લડાઇમાં ચતુર, દીર્ઘદ્રષ્ટિ વાળો, ઉદ્યોગી ને ધીરજ વાળો, પણ કપટી, ઘાતકી ને ધર્માંધ હતો. તથા સ્વાર્થ સાધવાને વિશ્વાસઘાત કરવાને પણ ભૂલતો નહિ. વળી પોતે દગાથી રાજ્ય મેળવ્યું હતું, તેથી તેને પોતાના સરદારોનો કે દીકરાઓનો પણ વિશ્વાસ નહોતો. તે દરેકની પાછળ પોતાના ખાતમીદાર રાખતો હતો. એણે હિંદુ લોકોને પોતાના દુશ્મન કર્યાથી એની પછી એના રાજ્યની પડતી જલદી થઇ. મોગલ પાદશાહોમાં એના વખતમાં હિંદનો સૌથી વધારે મુલક મોગલાઇ રાજ્યને તાબે હતો. એના રાજ્યની ઉપજ વધારેમાં વધારે ૮૦ કરોડ રૂપીઆ હતી.

બહાદુરશાહ અથવા શાહઆલમ.--ઔરંગઝેબ મરણ પામ્યો, ત્યારે એના ત્રણ દીકરા જીવતા હતા. મોઆઝીમ, આઝીમ ને કામબખ્શ. મોઆઝીમ કાબુલમાં, આઝીમ આગ્રામાં ને કામબખ્શ દક્ષિણમાં પોતાને પાદશાહ કેવડાવવા લાગ્યા. મરેઠા રાજા શંભાજીનો પુત્ર શિવાજી આગ્રામાં આઝીમના તાબામાં હતો. એ શિવાજીને શાહુ (શાહુકાર) એ ઉપનામથી બોલાવતા હતા, કેમકે મોટો શિવાજી કેદમાંથી નાસી ગયો હતો, માટે તેને ચોર અને આ નાનો શિવાજી નાસી ગયો નહોતો. આઝીમે શાહુ સાથે સલાહ કરીને તેને દક્ષિણમાં [illegible] દીધો ૧૭૦૭. તેણે દક્ષિણમાં જઈને તારાબાઇ પાસેથી મ-
[illegible]ી લગામ હાથમાં લીધી. ૧૭૦૮.

[illegible]આઝીમ કાબુલથી લસ્કર લેઈ હિંદમાં આવ્યો ને આગ્રા [illegible] આઝીમને હરાવીને માર્યો, ને ૧૭૦૭ માં બહાદુરશાહ કે શા[illegible] એ નામથી ગાદીએ બેઠો. પછીથી દક્ષિણમાં કામબખ્શને [illegible] ને તેને પણ માર્યો ૧૭૦૮. એના વખતમાં પંજાબના શીખ જોરપર આવ્યા હતા. તેમનો સરદાર બંદુ હતો. એ લોકોનો

નાશ કરવાને શાહઆલમે મરેઠાને ચોથ ઉઘરાવવાનો હક આપી સ-લાહ કરી તથા રજપુતોને સ્વતંત્રતા આપી સંધી કરી. એ વખતે રજપુતોનો આગેવાન જોધપુરનો રાજા અજીતસિંગ હતો. શાહઆલમે પાંચ વરસ શીખ લોક સાથે લડાઈ ચલાવી, પણ ૧૭૧૨ માં તે મુવો ત્યાં સુધી એ લોકોનો પુરેપુરો બંદોબસ્ત થયો નહિ.

જહાંદારશાહ–શાહઆલમના ચાર દીકરા ગાદી માટે લઢી મુઆ. તેમાં મોટો પૂત્ર જહાંદારશાહ જુલ્ફીકારખાંની મદદથી ૧૭૧૨ માં ગાદીએ બેઠો. પણ આઠ મહીનામાં તેનો ભત્રીજો ફરૂખશીર સૈયદ હુસેન તથા સૈયદ અબદલ્લાની મદદ લેઈ લઢવાને આવ્યો. આગ્રા આગળ લઢાઈ થઇ તેમાં જહાંદારશાહ તથા તેનો વજીર જુ-લ્ફીકર મરાયા ને ૧૭૧૩ માં ફરૂખશીર પાદશાહ થયો.

ફરૂખશીર.–એ પાદશાહની વજીરાત બે સૈયદ ભાઇઓ કરવા લાગ્યા. એના વખતમાં પંજાબમાં શીખ લોક જોરપર આવ્યા. તે-મણે મોગલાઇ મુલક લૂટીને ઉજાડ કરવા માંડયો, પણ અંતે શીખનો સરદાર બંદુ તથા તેનાં માણસો પકડાયાં, તેમને મારી નાંખ્યાં. જો-ધપુરના અજીતસિંહ સાથે સૈયદોએ સંધી કરી. એના વખતમાં અ-સોફજા ને સાદતખાં એ બે મોટા પુરૂષો જાણમાં આવ્યા. આગળ જતાં અપસોજાએ હેદરાબાદમાં નીજામનું ને સાદતખાંએ માં રાજ્ય સ્થાપ્યું. અસોફજા પ્રથમ દક્ષિણનો સુબો હતે સૈયદોની વિરૂદ્ધ હોવાથી હુસેનઅલી દક્ષિણમાં ગયો. તે ચોથ અને ચોખી ઉપજનો દશાંશ લેવા દેવાની સરતે સં સૈયદોથી ફરૂખશીર કંટાળેલો જોઈ હુસેન દક્ષિણમાંથી દશ હ રેઠા બાલાજી વિસ્વનાથની સરદારી નીચે લેઈને આવ્યો, ને ફ શીરને મારી નાંખ્યો. ૧૭૧૯. તેના પછી પાદશાહી કુળમાંથી

બાળકને ગાદીએ બેસાડયો, તે મુઆથી બીજા એક બાળકને બેસાડયો, તે પણ થોડી મુદતમાં મૂઆથી મહંમદશાહને ૧૭૧૯ માં ગાદીએ બેસાડયો. આ પ્રમાણે સૈયદોએ પોતાની મરજી મુજબ પાદશાહ બનાવ્યાથી એ બે ભાઈઓને પાદશાહ બનાવનાર કહેછે.

મહંમદશાહ—ગાદીએ બેઠા પછી તેણે સૈયદોથી છુટવાનો વિચાર કર્યો. અસોફજા અને સાદતખાં બંનેએ મળી જઈને તેને સહાય કરી. અસોફજા બંડ કરીને દક્ષિણમાં ગયો તેને સજા કરવાને હુસેન પાદશાહને લેઈને દક્ષિણમાં ગયો. ત્યાં રસ્તામાં હુસેનને મરાવી નાંખ્યો. તે પછી અબદલ્લાને પણ હરાવીને ૧૭૧૯માં મારી નાંખ્યો. એ બંને ભાઇઓ પાદશાહ બનાવનાર કહેવાય છે. આગળ મહંમદશાહનો વજીર અસોફજા થયો. પણ તેને મહંમદશાહ સાથે ન બન્યાથી તે દક્ષિણમાં ગયો. બાલાજી વિશ્વનાથ ૧૭૨૦ માં મરણ પામ્યાથી બાજીરાવ પેશ્વા થયો. તે બહુ શૂરો ને ચતુર હતો. તેનો વિચાર હિંદમાંથી મુસલમાની રાજ્ય તોડવાનો થયો. બાજીરાવનો મોટો દુશ્મન અસોફજા હતો. તેણે મરેઠામાં માંહો માંહે કલહ થાય એવી યુક્તિ કરી. પણ બાજીરાવની હોંશીઆરી આગળ તે ચાલી નહી. બાજીરાવે અસોફજાના મળતીઆ ખંડેરાવ દાભાડેને ગુજરાતમાં હરાવીને માર્યો ને ગુજરાત પ્રાંત જીતી લીધો. તથા ચંબલા નદી સુધી ...ત લેઈ લીધો. અસોફજા તેની સામો લઢવા આવ્યો, તેને ૧૭૩૬ માં ભોપાળ આગળ હરાવ્યો. તથા બુંદેલખંડ ...ધો. પછી તેણે દક્ષિણમાં આંગ્રે, સીદી ને પોર્તુગીજો સાથે ચલાવી. પહેલા એનો બંદોબસ્ત કરીને પોર્તુગીજો પાસેથી સા... વસાઇ લેઇ લીધાં.

એવામાં દિલ્લીમાં ભારે અનર્થ થયો. ઇરાની પાદશાહ નાદીર-

શાહે ૧૭૩૮ માં હિંદ ઊપર સ્વારી કરી ને મહંમદશાહને હરાવ્યો. તથા દિલ્હી લૂટી ને કતલ ચલાવી ૩૦ હજાર માણસોનો ઘાણ કહાડ્યો. વળી મયુરાસનનાં રત્નો, ખજાનો ને કોહીનૂર એ સઘળું મળીને સુમારે નવ કરોડની કીંમતની લૂટ લેઇને પાછો ગયો. ૧૭૩૯. દક્ષિણમાં મોગલોનો મોટો દુશ્મન બાજીરાવ પેસ્વા ૧૭૪૦ માં મુવાથી તેનો મોટો દીકરો બાલાજી અથવા નાનાસાહેબ પેસ્વા થયો. એ પેસ્વા ન થાય એવી મરજી વરાડના રાજા રાઘોજી ભોંસલાની હતી. પેસ્વા જાતે બ્રાહ્મણ હતા ને તેનો રાજા મરેઠો હતો. રાઘોજી ભોંસલા પણ મરેઠો હતો. રાઘોજીની મરજી મરેઠાને ચડાવી પેસ્વાને દબાવવાની હતી. પણ આગળ જતાં ભોંસલા ને પેસ્વા મળી ગયા. પેસ્વાના સરદાર ગાયકવાડ ગુજરાતમાં, હોલ્કર ને સિંધિઆ માળવામાં તથા ભોંસલા વરાડમાં મૂખ્ય કરતા કારવતા થયા. એ બાલાજીનો ભાઇ રઘુનાથરાવ લડાઇનું કામ કરતો હતો.

નાદીરશાહ ઇરાન ગયા પછી મરાયો એટલે એનો સરદાર અહંમદશાહ દુરાની કંદહારમાં સ્વતંત્રપણે રાજ્ય કરતો થયો. એણે ૧૭૪૮ માં હિંદ ઉપર સ્વારી કરી. તેને કરનાલ આગળ મહંમદશાહના દીકરા અહંમદશાહે ૧૭૪૮માં હરાવ્યો. એ પછી થોડીજ મુદતમાં મહંમદશાહ મરણ પામ્યો. એજ સાલમાં મરેઠી રાજા શાહ અને નિજામના રાજ્યનો મૂળ પુરૂષ અસોફજા અથવા ચીન— પણ મરણ પામ્યા. મરેઠાની ગાદીએ શાહુ પછી રાજારામના દીકરો રામરાજાને પેસ્વાએ ગાદીએ બેસાડ્યો. કેમકે શાહુને કતાન નહોતાં. દિલ્હીની ગાદીએ અહંમદશાહ થયો ૧૭૪૮.

અહંમદશાહ—મહંમદશાહના વખતમાં અયોધ્યાની ઉત્તરે રોહિલા નામે પઠાણ જાત રહેતી હતી, તે બહુ બળવાન થઈ, ને

લોકે બળવો કર્યો. અહંમદશાહે પોતાના વજીર સફ્દરજંગ (સાદતખાંનો દીકરો, ને મોકલ્યો, પણ તે હાર્યાથી પાદશાહે મરેઠાને મદદે બોલાવ્યા તેમણે રોહીલાને ૧૭૫૧માં તાબે કર્યા. તેવામાં અહંમદશાહ દુરાનીએ બીજી સ્વારી કર્યાથી તેને પંજાબ પ્રાંત આપી ૧૭૫૨માં પાછો કહાડ્યો. આગળ જતાં વજીર ઉપર પાદશાહની અપ્રીતિ થયાથી સફ્દરજંગને અયોધ્યા ને પ્રયાગ પ્રાંતો આપ્યા ને વજીરની જગાએ અસોફ્જા (નિજામના રાજ્યનો મૂળ પુરૂષ) ના પૌત્ર ગ્યાસુદીનને આપી. પણ એજ ગ્યાસુદિને પાદશાહની આંખો ફોડી મારી નાંખ્યો ને આલમગીર બીજાને ૧૭૫૪ માં ગાદીએ બેસાડ્યો.

આલમગીર બીજો–ગ્યાસુદીનના અવિચારથી અહંમદશાહ દુરાની તેના ઉપર ગુસ્સે થયો, ને તેણે હિંદ ઉપર ૧૭૫૬ માં ત્રીજી સ્વારી કરી. તેણે આવીને દિલ્હી તથા મથુરાંમાં લૂટ ચલાવી ને પ્રજાને પીડા કરી. અહંમદશાહ દુરાની એક રોહીલા સરદારને વજીર ઠરાવી પાછો ગયો. પણ ગ્યાસુદીને રઘુનાથરાવ પેશ્વાને મદદે બોલાવ્યો. રઘુનાથરાવે દિલ્લી લીધી ને રોહીલાને કહાડી મૂકી ગ્યાસુદીનને વજીર નીમ્યો. પછી રઘુનાથરાવે દુરાની પાસેથી પંજાબ પ્રાંત જીતી લીધો. ને ત્યાં બંદોબસ્ત કરી ૧૭૫૮માં પોતે દક્ષિણમાં ગયો. તેથી દુરાની હિંદ ઉપર આવવા નીકળ્યો. એટલે ગ્યાસુદીને ૧૭૫૯. ને મારી નાંખ્યો. તે વખતે શાહજાદો અલીગોર બહાર પ્રાંતે **શાહઆલમ બીજાના** નામથી પાદશાહ થયો. આ પ્ર- સુદીને પાછળ કહેલા સૈયદ ભાઈઓની પેઠે પાદશાહને મા- વા બેસાડ્યા, તેથી એ પણ પાદશાહ બનાવનાર કહેવાયછે.

આણી તરફ અહંમશાહ દુરાનીની સામા થવા માટે મરાઠાએ જબરી તૈયારી કરી. તે વખતે આખા હિંદમાં મરેઠા બળવાન

હતા. એમણે પંજાબને દિલ્હી જીત્યાં હતાં. અયોધ્યા ને બંગાળાના નવાબ ખંડીઆ થયા હતાં. ગુજરાત ને માળવા તેમને તાબે હતા, ને દક્ષિણમાંઉદ્ગીર આગળ નિજામને હરાવ્યો હતો. એ નિજામને હરાવનાર બાલાજી પેસ્વાના કાકા ચીમનાજી આપાનો દીકરો સદાશિવભાઉ હતો. એ ભાઉને દુરાની સામા લઢવાને મરેઠાનું જબરૂં સૈન્ય આપી મોકલ્યો. ગાયકવાડ, હોલ્કર, સિંધિઆ વગેરે મરેઠી સરદારો ને જાટોનો રાજા સુરજમલ પણ તેની મદદે આવ્યા હતા. પણ ભાઉએ દિલ્લી જઇ બાલાજી પેસ્વાના દીકરા વિસ્વાસરાવને ગાદીએ બેસાડ્યાથી તથા સુરજમલની સલાહ નમાન્યાથી તે પોતાના રાજ્યમાં જતો રહ્યો. પાણીપતના મેદાનમાં ૧૭૬૧ માં ભાઉએ દુરાની સાથે લઢાઇ કરી, તેમાં ભાઉ ને વિસ્વાસરાવ મરાયા ને મરેઠાના લશ્કરનો ધાણ નીકળી ગયો. દુરાની એ જીત કરીને પાછો ગયો તે ફરીને આવ્યોજ નહિ. મરેઠા હારીને બાકી રહેલા દક્ષિણમાં જતા રહ્યા. તેથી પાદશાહ શાહઆલમ ૧૭૭૧ સુધી અલાહાબાદમાં અંગ્રેજને આશ્રયે રહ્યો. તે સાલમાં તે મરેઠાને આશ્રયે ગયો તે ૧૮૦૩ માં ફરીને અંગ્રેજોના હાથમાં આવ્યો. શાહઆલમ માત્ર નામનો પાદશાહ હતો. તે ૧૮૦૬ માં મુવાથી અકબર બીજો પાદશાહ થયો. તે ૧૮૩૭ માં મુવો. તેની જગાએ મહંમદબહાદુરશાહ થ[illegible] ૫૭
ના બળવામાં સામેલ થયાથી પકડાયો ને તેને રંગુનમાં કે[illegible]
૧૮૬૨ માં મરણ પામ્યો. મોગલવંશનો એ સત્તરમો પા
તો. એ સૌથી છેલ્લો પાદશાહ હતો. તે પછી કોઈ પાદશાહ થ

સમાપ્ત.

હિંદુસ્તાનમાં થએલી મોટી લઢાઇઓ.

જગાનું નામ.	કોની કોની વચ્ચે.	સાલ.
દેવળગામ(કરાંચી).	કાસમ ને દાહીર રાજા. દાહીર હાર્યો.	ઇ. સ. ૭૧૨
-ચૈહિંદગઢ.	મહંમદ ને અનંગપાળ. અનંગપાળ હાર્યો.	૧૦૦૮
સોમનાથ.	મહંમદ ને ભીમદેવ. ભીમદેવ હાર્યો.	૧૦૨૪
પાણીપત(તીરૌરી)	પ્રથુરાજ ને શાહબુદીન. શાહબુદીન હાર્યો.	૧૧૯૧
પાણીપત.	શાહબુદીન ને પ્રથુરાજ. પ્રથુરાજ હાર્યો.	૧૧૯૩
દિલ્લી.	તૈમુર ને મહંમદ તુઘલક. મહંમદ હાર્યો.	૧૩૯૮
પાણીપત.	બાબર ને ઇબ્રાહિમ. ઇબ્રાહિમ હાર્યો.	૧૫૨૬
સીક્રી.	બાબર ને સંગરાણો. સંગ હાર્યો.	૧૫૨૭
બકસર.	શેરખાં ને હુમાયુ. હુમાયુ હાર્યો.	૧૫૩૯
કનોજ.	શેરખાં ને હુમાયુ. હુમાયુ હાર્યો.	૧૫૪૦
પાણીપત.	હુમાયુ ને આદીલી. આદીલી હાર્યો.	૧૫૫૬
ચીતોડ.	અકબર ને રાણો ઉદયસિંગ. ઉદયસિંગ હાર્યો.	૧૫૬૮
અહંમદ નગર.	ચાંદબીબી ને શાહજાદો મુરાદ. મુરાદ હાર્યો.	૧૫૯૪
ઉજણ.	ઔરંગજેબ ને જશવંતસિંગ. જશવંતસિંગ હા.	૧૬૫૮
આગ્રા.	ઔરંગજેબ ને દારા. દારા હાર્યો.	૧૬૫૮
અલાહાબાદ.	ઔરંગજેબ ને શુજા. શુજા હાર્યો.	૧૬૫૮
અજમેર.	ઔરંગજેબ ને દારા. દારા હાર્યો.	૧૬૫૯
	મોઆજીમ ને આજીમ. આજીમ હાર્યો.	૧૭૦૮
	બાજીરાવ ને નિજામુલમુલ્ક. નિજામુલમુલ્ક હા.	૧૭૩૬
	શાહજાદો અહંમદ ને અહંમદશાહ અબદલી. અબદલી હાર્યો.	૧૭૪૮
	અહંમદશાહ અબદલી ને મરાઠા. મરાઠા હર્યા.	૧૭૬૧

ઇતિહાસની પરીક્ષાના પ્રશ્નો.

પ્ર૦ મુસલમાની ધર્મ કોણે ચલાવ્યો ને શી રીતે ફેલાયો ?

પ્ર૦ મુસલમાનોએ પ્રથમ સ્વારીઓ ક્યાં ક્યાં કરી ?

પ્ર૦ હિંદુઓની દુશ્મનો સામા થવાની કેવી શક્તિ હતી ?

પ્ર૦ પંજાબ ઉપર પ્રથમ કયા મુસલમાને સ્વારી કરી ?

પ્ર૦ સુલતાન મહંમદની સ્વારીઓનું વર્ણન કરો ?

પ્ર૦ મહંમદ વિશે શી શી વાતો ચાલે છે ? ૫૪,

પ્ર૦ ગીજનીમાં ઘોરી રાજ્ય શી રીતે થયું ?

પ્ર૦ મહંમદ ઘોરીના વખતમાં રજપુત રાજ્યોની કેવી હાલત હ-
તી ?

પ્ર૦ મહંમદ ઘોરીની સ્વારીઓનું વર્ણન કરો ?

પ્ર૦ બંગાળા ને બહાર મુસલમાનોને હાથ શી રીતે ગયાં ?

પ્ર૦ ગુલામવંશના પાદશાહોનાં નામ ને ગાદીએ બેઠાની સાલ લ-
ખો ?

પ્ર૦ ખીલજીવંશની વંશાવળી લખો ?

પ્ર૦ દક્ષિણ હિંદમાં ક્યારે, ક્યાં ને કોણે સ્વારી કરી ?

પ્ર૦ દિલ્લીના કયા કયા પાદશાહોના વખતમાં રાજ્યનો વિસ્તાર સૌ-
થી વધારે હતો ?

પ્ર૦ મહંમદ તઘલક ગાંડો શા માટે કહેવાય છે ?

પ્ર૦ ફીરોજ્જુદીન પાદશાહનું કયું સારૂં કામ આજે પણ,

પ્ર૦ તૈમુર કોણ હતો ને તેની સ્વારીનું વર્ણન કરો ?

પ્ર૦ દિલ્લીની પાદશાહત સૌથી વધારે નબળી કયા વંશમાં હતી

પ્ર૦ બ્રાહ્મણી રાજ્ય કોણે, ક્યારે ને કોના વખતમાં ક્યાં સ્થપાયું?

પ્ર૦ વિજયનગરના રાજયની હકીકત કહો? ૬૩,

પ્ર૦ બ્રાહ્મણી રાજ્યના કેટલા ભાગ થયા ને તે દરેક કોણે ને ક્યારે સ્થાપ્યા તથા તે કોણે ને ક્યારે જીતી લીધા?

પ્ર૦ ગુજરાત, માળવા, જુવાનપુર ને બંગાળામાં સ્વતંત્ર રાજ્ય કોના વખતમાં, ક્યારે ને કોણે સ્થાપ્યાં ને તે ક્યારે ને કોણે જીત્યાં?

પ્ર૦ મોગલવંશનું રાજ્ય કોણે ને શી રીતે સ્થાપ્યું?

પ્ર૦ શેરખાંનું પઠાણ રાજ્ય ક્યારે સ્થપાયું ને શી રીતે લય પામ્યું?

પ્ર૦ અકબરે હિંદુઓની પ્રીતિ કેવી રીતે મેળવી? ૭૧,

પ્ર૦ અકબરની રાજ્ય રીતિ કેવી હતી?

પ્ર૦ અકબરના વખતમાં જમાબંદીનો બંદોબસ્ત શી રીતે ને કોણે કર્યો?

પ્ર૦ અકબરના વખતમાં કયા કયા મુલક ક્યારે જીતાયા?

પ્ર૦ અકબરના વખતમાં કયા પ્રખ્યાત માણસો હતા?

પ્ર૦ જહાંગીરને શાહજહાં સાથે અણબનાવ શાથી થયો?

પ્ર૦ જહાંગીરને ખુશરૂ સાથે અણબનાવ શાથી થયો?

પ્ર૦ શાહજહાંને શી રીતે રાજ્ય મળ્યું?

હાંના દીકરા શી રીતે લઢી મુવા?

હાંએ ક્યાં ક્યાં મકાનો બંધાવ્યાં?

ારંગજેબની રાજ્યનીતિ કેવી હતી?

ારંગજેબે શી રીતે રાજ્ય મેળવ્યું?

ઔરંગજેબ સામા હિંદુઓ શાથી લઢવા ઉઠયા?

પ્ર૦ ઔરંગઝેબે કયાં કયાં રાજ્યો જીતી લીધાં?

પ્ર૦ ઔરંગઝેબના વખતમાં મરેઠી રાજ્ય શી રીતે વધ્યું?

પ્ર૦ ઔરંગઝેબના કયા દીકરાને શી રીતે રાજ્ય મળ્યું?

પ્ર૦ શીખ લોકો કોણ હતા, તેમની હકીકત લખો?

પ્ર૦ પાદશાહ બનાવનાર કોણ કોણ થયા ને તેમનું એવું નામ શાનથી પડયું?

પ્ર૦ મોગલાઇની પડતી શી રીતે થઈ?

પ્ર૦ નાદીરશાહ ને અહમદશાહ અબદલ્લીની સ્વારીઓનું વર્ણન કરો?

પ્ર૦ બંગાળાનું, અયોધ્યાનું ને નિજામનું રાજ્ય કોણે ને ક્યારે સ્થાપ્યું?

પ્ર૦ બાજીરાવ, ચીમનાજી, વિશ્વાસરાવ, સદાશિવ ભાઉ, મોહોબતખાં, સાહિસ્તખાં, નૂરજહાં, મીરજુમ્લા, બેહેરામ, હેમુ ને કાફુર એ કોણ હતાં?

પ્ર૦ પાણીપતના મેદાનમાં કયી કયી લઢાઇઓ ક્યારે ને કોનો વચ્ચે થઇ ને તેનું છેવટ શું આવ્યું?

પ્ર૦ વૈહિંદગઢ, સીક્રી, ઉજન, આગ્રા, અજમેર ને અલાહાબાદ આગળ કોની વચ્ચે ને ક્યારે લઢાઈઓ થઈ?

પ્ર૦ મુસલમાન પાદશાહોમાં કયા કયા સારા, કયા કય
યા કયા નબળા પાદશાહ થયા ને તેવા તમે શા

પ્ર૦ હિંદુઓનું ને મુસલમાનોનું રાજ્ય જવાનાં કારણ
